સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

'ખાવા દેતો નથી'ની એ ખોટી છાપ ખરડાય છે
અને વિશ્વ આખાની નજર હવે તરડાય છે
મરડાય છે ડોકું મૂલ્યોનું, સાથે સંઘનું પણ -
કૌભાંડોની ગુપ્ત ઘંટીમાં ખાયકી ભરડાય છે
(વ્યાપમ-લલિત-કૌભાંડો)

હાઈકુ

થ્યું વિસ્તરણ!
વચનો નાં રણનું -
ગુજ્જુ મોડેલ..
(૭૦ % ને રોજગારી!!)

ધાર્યું કરવા,
ઊભું અનીતિ પર
નીતિ આયોગ..
(સરકાર અટૂલી)

ચિંતન

ન દૈવમિતિ સંચિત્ય ત્યજે દુદ્યોગમાત્મનઃ । અનુદ્યમેન કસ્તૈલ તિલેભ્યઃ પ્રાપ્તુમર્હતિ ॥

'નશીબમાં હશે એમ જ થશે' એમ વિચારી કામ-ધંધો છોડી દેવો કે આળશુ બની કંઇ ન કરવું એ યોગ્ય નથી. જો માણસ જાતે ઉદ્યમ-પ્રવૃત્ત ન થાય તો 'તલ'માંથી તેલ શી રીતે મળે?'

કોઇ પણ મંજીલ - ધ્યેય-પર્વની ટોંચ હેતુને સાધ્ય કરવા માટે પ્રથમ તમારે પ્રયત્ન તો શરુ કરવો પડે. એક એક પગથિયું ચઢયા વિના તમે શિખરની ટોંચ પર પહોંચી ન શકો. તળેટીમાં બેસીને 'નશીબ' માં હશે તો હું ટોંચ પર પહોંચી જઇ એવી વિચારનાર તળેટીમાં જ રહે છે કોઇ ભાગ્ય-વિધાતા-નશીબ એને શિખરની ટોચ પર લઇ જઇ શકે નહીં.

હા, ચઢનારને હિંમત-બળ-શક્તિ-પ્રોત્સાહન-ઇશ્વરની પ્રાર્થના દ્વારા-મળી શકે ખરું. બાકી સૂતેલા સિંહના મોઢામાં મૃગનો શિકાર આપ મેળે આવી જતો નથી એને શિકાર માટે 'દોડવું જ પડે' આળસુ પ્રકૃતિના માણસો ભગવાન પર ભાર નાખી આળશને ખાટલે સૂઇ જાય છે.

સુવિચાર

- 'ભૂલ' એ 'પ્રેમ' જેવી હોય છે.. કોઇ કરવા નથી માંગતુ.. પણ થઇ જાય છે - અખંડ આનંદ
- 'વક્ત' અચ્છા જરુર આતા હૈ.. મગર 'વક્ત પર હી' આતા હૈ - નાના પાટેકર
- આપણું હૃદય સ્વયં જ આપણો અડધો પયંગબર છે.. રાહબર છે - વિલ ડુરાં
- જો આપણે સૌ એકબીજાની પ્રાર્થનાઓ સાંભળી શકીએ તો પ્રભુના માથેથી થોડો બોજ જરુર ઓછો થાય - એસ.ભટ્ટાચાર્ય
- કોઇ ખરાબ મનોરથથી બોલાયેલું સત્ય પણ એક પ્રકારનું જૂઠાણું છે - વિલીયમ બ્લેક
- સાચા સંબંધની સુંદરતા એકબીજાની ભૂલ સહન કરવામાં જ છે... કારણ કે ભૂલ વગરનો માણસ શોધવા જશો તો આખી જીંદગી એકલાં જ રહી જવાય - જનકલ્યાણ
- જીવ પર પ્રેમ કરે જે જન, તે જન સેવે છે ઇશ્વર - સંત રોબિન

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

નિષ્ઠા અને કર્તવ્ય પાલનથી ઉર્ધ્વગતિ થાય છે. કર્મ-પાપોનો ક્ષય થાય છે. કષાય-કલ્મષ કપાઇ જાય છે.

પ્રખ્યાત સૂફી સંત બાબા ફરીદની બહેન, એકવાર પોતાના પુત્રને લઇ બાબા ફરીદને સોંપવા ગઇ અને કહ્યું મારો પુત્ર સરળ સ્વભાવનો છે બીજા છોકરા તેને પજવે છે. આને આપની પાસે રાખો અને શિક્ષણ-સંસ્કાર આપો.

બાબા ફરીદે એને કહ્યું, જા, આજથી તું રસોડે આવતાં ફકીરોને 'પીરસવાનું' કામ કરજે...

..અને બાળક શાબીર કામે લાગી ગયો. ફકીરોને પ્રેમથી, આગ્રહપૂર્વક જમાડતો - ફકીરો ખૂબ ખૂશ થતા. નેકદિલ બાળકના વખાણ કરી. હૃદયના આશીર્વાદ આપતા...

.. પરંતુ દિવસો દિવસ શાબીરની તબિયત લથડવા લાગી, શરીર સૂકાવા લાગ્યું, એક દિવસ પીરસતાં પીરસતાં પડી ગયો.

બાબા ફરીદે ખોળામાં લઇ પાણી છાંટી જગાડયો. આવો કેમ સૂકાઇ ગયોની ચર્ચામાં રસોડે કામ કરતાં લોકોએ કહ્યું બાબા અમે એને કદી રસોડે જમતાં જોયો જ નથી. એ ખાતો જ નથી.

બાબાએ નહીં જમવાનું કારણ પૂછયું. શાબીર કહે, બાબા, મામુજાન તમે મને માત્ર પીરસવાની ફરજ સોંપી હતી. ખાવાનું ક્યાં કહ્યું હતું? હું જંગલમાં જઇ ઉમરાના ફળ ખાઇ લેતો હતો...

... અને બાબા ફરીદના આશીર્વાદ ઉતર્યા. આ બાળક મોટો થઇ સૂફી સંત શાબીર થયા. આજે પણ રૂડકી પાસે, 'પિરાન કબિયર'માં તેમની મજાર લોકોની શ્રદ્ધાને સફળ બનાવે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

રળિયામણો લોકોત્સવ : રથયાત્રા

તંત્રી સ્થાનેથી....

કૃષ્ણને રથ સાથે ઘણું ઘેલું છે. મહાભારતનું યુદ્ધ તેઓ અર્જુનના સારથિ બનીને લડ્યા. શસ્ત્ર ઉપાડ્યા વગર એવડું મોટું મહાયુદ્ધ જિતાડી આપનાર વિચક્ષણ મહાનાયકનો એમના જ સમયમાં ઇશ્વરના અવતાર તરીકે સ્વીકાર થઇ ગયો હતો. એક વાર એમણે દુર્યોધનનું ઘમંડ ઉતારવા કુરુસભામાં જ વિશ્વરૂપ દર્શાવ્યું હતુ. જે માત્ર જેને બતાવવા જેવું હતું એટલા જ લોકો જોઇ શક્યા હતા. બીજી વાર એમણે અર્જુનને યુદ્ધભૂમિ પર જ વિશ્વરૂપ દર્શન કરાવી વિષાદમુક્ત કર્યો અને એના સર્વ સંશયો દૂર કરી, કરિષ્યે વચનં તવ - તમે કહેશો તેમ કરીશ કારણ કે મારો મોહ નાશ પામ્યો છે અને સ્મૃતિ પ્રાપ્ત થઇ છે; આત્મા છું એની પ્રતીતિ થઇ છે અને તમે પરમાત્મા છો તે સમજી ગયો છું - એમ કહેવાની સમજણ અને ક્ષમતા અર્પી.

કયારેક અંગ, બંગ અને કલિંગ - આજના બિહાર, બંગાળ અને ઓડિશા આર્યવર્તની પવિત્ર ભૂમિની સરખામણીએ કનિષ્ઠ પ્રદેશો ગણાતા હતા. ત્યાં બ્રાહ્મણો પણ માંસાહાર અને મત્સ્યાહાર કરતા હોઇ એમની મથરાવટી મેલી હતી. એવા પછાત પ્રદેશને ઇશ્વરે પોતીકો ગણી પુરીમાં જગન્નાથ સ્વરુપે નિવાસ કર્યો. પુરી સાત પવિત્ર નગરીઓની પંગતમાં આવી ગઇ. કાશી, કાંચી, મથુરા, દ્વારકા અને અયોધ્યા, માયા અને પુરી - આ સાત નગરીઓ મોક્ષદાયિની ગણાઇ છે. પુરીમાં નિવાસ કર્યો તેની યાદમાં ભગવાન કૃષ્ણ, એમના જયેષ્ઠ બંધુ બલરામ અને બહેન સુભદ્રા સાથે અષાઢી બીજના દિવસે પુરીની નગરયાત્રાએ નીકળે છે. આ રથયાત્રાને જરા જુદેરા સ્વરુપે અમદાવાદના જગન્નાથ મંદિર મારફત પણ ચાલુ કરવામાં આવી એ વાતને ૧૩૮ વર્ષના વહાણાં વાઇ ગયાં છે. અમદાવાદની રથયાત્રા એ ગુજરાતનું એક ગૌરવવંતુ પર્વ બની રહ્યું છે. કોમી એખલાસના પ્રતીક સમા આ પર્વમાં ગુજરાતના મુખ્યમંત્રી રથની પહિંદવિધિ - સોનાના સાવરણીથી સાફ સૂફીનો વિધિ સંભાળે છે અને ખલાસીઓની સાથે રથને ખેંચી એને પ્રસ્થાન કરાવે છે. રથ અમદાવાદના ગીચ રસ્તાઓ વળોટતો છેક સાંજે નિજમંદિરે પરત આવે છે. રસ્તામાં ઠેર ઠેર મુસ્લિમ બિરાદરો સહિત તમામ ધર્મોના અનુયાયીઓ રથનું સ્વાગત કરે છે. આમ ભગવાન જગન્નાથ અહમદશાહની નગરીના અધિષ્ઠાતા દેવ બની રહ્યા છે. વચ્ચે કેટલાક વર્ષો દરમિયાન રથયાત્રા સાંપ્રદાયિક તનાવનું નિમિત્ત બનતાં રથયાત્રાનો માર્ગ બદલવાનો પણ વિચાર થયેલો. એકાદ વર્ષ રથયાત્રા બંધ પણ રાખવી પડેલી. પરંતુ આખરે તો આ લોકોત્સવ છે. રાજકારણીઓ એમના નિહિત સ્વાર્થ સાધવા આવા લોકોત્સવમાં ગુંડાગર્દી અને દહેશતનો માહોલ ઊભો કરવાનો પ્રયાસ કરતાં એની સામે રાજય સરકારે લાલ આંખ કરી એ પછી કયારેય રથયાત્રા ગોઝારી બની નથી. બેઉ પક્ષો મનોમન પોતાની મર્યાદા સમજી ગયા છે. લઘુમતી સમાજને કલેશ પહોંચે એવા સૂત્રોચ્ચારો પણ બંધ થયા છે તેમ રથયાત્રા ટાણે થતી છુરાબાજી પણ ભૂતકાળની બાબત બની ગઇ છે. લોક જાગે ત્યારે નકારાત્મક બળો ભાગે છે, તેનું ઉત્તમ ઉદાહરણ અમદાવાદની રથયાત્રા છે. હવે તો પુરી-અમદાવાદના અનુકરણમાં દેશભરમાં નાનાં મોટાં નગરોમાં રથયાત્રા નીકળે છે. આ લોકનાયક કૃષ્ણનો અને લોકનો સહિયારો વિજય છે. ચાલુ વર્ષે રથયાત્રા અને રમજાન ઇદનો સુભગ સંયોગ સધાયો છે, એ પણ કેટલો સૂચક છે! 'મઝહબ નહીં સિખાયા આપસમેં બૈર રખના' - નો સંદેશ આપતા આ લોકોત્સવ પ્રસંગે સૌને હાર્દિક જણ રણછોડ!

ગઝલ લખવી એટલે પાણીની ટગલી કરવા જેવી વાત છે

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

● સાહિત્ય અવસર સેતુ

ગરવી ગુજરાતી ભાષાના અમોલ સાહિત્યને હરપળ - હરઘડી ધબકતું - ધડકતું રાખી, તેને સદૈવ જીવંત અને પુષ્પ પરિમલશું ફોરતું - મઘમઘતું રાખવા નગરની એકમાત્ર સંસ્થા-ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા અવનવા સાહિત્યિક અને શૈક્ષણિક કાર્યક્રમો યોજવામાં આવે છે; જે અન્વયે 'સર્જકની કેફિયત' કાર્યક્રમ અંતર્ગત, જાણીતા ગઝલકાર, નિબંધકાર, પત્રકાર અને કટારલેખક ધૂની માંડલિયા (શાહ અરવિંદભાઇ) ની 'ગઝલ પઠન'ની મહેફીલ, સંસ્થાના પ્રમુખ ભરતભાઇ કવિના અધ્યક્ષપદે તા. ૧૨-૭-૨૦૧૫ ને રવિવારના સલૂણી સાંજે, સિનિયિ સિટીઝન કાઉ.ના સદ્‌ભાવથી, તેમના કાર્યાલયમાં - નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે, હાસ્ય અને આનંદની છોળો વચ્ચે, સુપેરે સંપન્ન થયો.

આ મહેફીલની જમાવટપૂર્વે, શબદની સંગિની અને આરાધ્ય દેવી - મા શારદાની સ્તુતિ, મંત્રી મૂળજીભાઇ પરમાર દ્વારા, હાજર સર્વેના ધબકતા કર્ણમધુર સૂરોના સથવારે કરવામાં આવી અને અધ્યક્ષ ભરત કવિ દ્વારા ધૂની માંડલિયાનું શાબ્દિક સ્વાગત કરી, હેતાળવા ઉમળકાથી આવકારવામાં આવ્યાં. આ માસમાં જે સભ્યશ્રીઓના જન્મદિન આવ છે તેવા પંદર સભ્યોના નામોની યાદી મૂળજીભાઇ દ્વારા રજૂ કરવામાં આવી અને સર્વેને શુભકામનાઓ સહ મુબારકબાદી પાઠવવામાં આવી. ત્યારબાદ સંસ્થાના ઉપપ્રમુખ નટવર હેડાઉ દ્વારા ધૂની માંડલિયાનું પુષ્પગુચ્છથી, અનંદ પેટલ દ્વારા પુસ્તક પરિમલથી સ્વાગત કરીને સભ્ય સુમંત શાહ દ્વારા મોમેન્ટો આપીને બહુમાન કરવામાં આવ્યું.

કડી કેમ્પસના ડાયરેક્ટર અને આ સંસ્થાના કારોબારી સભ્ય ડૉ. સોમભાઇ પટેલ દ્વારા, ગાંધીનગર સાહિત્યસભાના ઉપક્રમે યોજવામાં આવેલ સાહિત્ય સ્પર્ધા 'પત્રકારત્વ લેખન' અંતર્ગત (૧) શું પત્રકારો લખે એ જ તમે વાંચો છો? અને (૨) શું પત્રકારો દેખાડે તેજ તમે જુઓ છો? એ વિષયો અન્વયેની સ્પર્ધામાં ઉત્તમ દેખાવો કરનાર પ્રજ્ઞેશ આર. પટેલ અને નિકુંજકુમાર વી. પટેલને ધૂની માંડલિયાના શુભહસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા.

લબ્ધ પ્રતિષ્ઠિત સાહિત્યકાર - નવલકથાકાર ડૉ. કેશુભાઇ દેસાઇ દ્વારા ધૂની માંડલિયાની ઓળખાણનાં ઓજસ પાથરતાં જણાવવામાં આવ્યું કે તે એક ઉત્તમ કવિ તો છે, સાથોસાથ એક મળવા અને માણવા જેવો ઉત્તમ માનવી પણ છે. તેમની આગવી સર્જકતા અને પત્રકાર તરીકેની હવાની સખાવતથી, પોતાના નામની તકતી વગર પ્રખ્યાત થયા છે. તેઓ બ્રહ્માનંદ સહોદની, અનુભૂતિ કરાવશે, કારણ કે શબ્દ તેમની નાભી-ટૂંટીમાંથી પ્રગટેલા છે.

ગઝલ લખવી એટલે પાણીની ઢગલી કરવા જેવી વાત છે. શબદના હાથ-પગ બાંધી, કાગળ પર તરવા જેવી વાત છે. કહીને ગઝળનો - પ્રેમનો અખૂટ મહિમા ગાનાર ગઝલકાર-નિબંધકાર-પત્રકાર અને કટાર લેખક એવા અરવિંદભાઇ શાહનો જન્મ સુરેન્દ્રનગર જીલ્લાના ઝીંઝુવાડા ગામે તા. ૧૨-૧૧-૧૯૪૫ના રોજ પિતાશ્રી લીલચંદભાઇ શાહને આંગણે થયો હતો. તેમનું વતન - માંડસ. તેમણે. બી.એ. સુધીનો અભ્યાસ કરી પત્રકારત્વ ક્ષેત્રે પગરણ માંડ્યા. તેમના પ્રકાશનોમાં કવિતા સંગ્રહ : વૃક્ષોપનિષદ - ૨૦૦૨, ગઝલ સંગ્રહ - ૨૦૦૬, નિબંધ : જીવન ઉપવન, અતિતનો આયનો - ૨૦૦૫ અને અન્ય ગઝલ સંગ્રહો આપ્યા છે. તેમને સંસ્કાર એવોર્ડ - ૧૯૯૪ અને મરીઝ એવોર્ડ -૨૦૦૦ મળેલ છે.

ધૂની માંડલિયાએ શાહ અરવિંદ લીલચંદભાઇનું તખ્ખલુસ છે; પરંતુ તે કાયમી નામ બની ગયું છે, જે તેમણે તેમના વતનની માયા-પ્રેમને કારણે રાખલે છે. બીજા તો ઠીક પરંતુ કદાચ તેઓ જ પોતાનું નામ 'અરવિંદભાઇ' ભૂલી ગયા હશે. કારણ કે 'ધૂનૂ માંડલિયા' તરીકે જ તે સાહિત્ય જગતમાં પ્રચલિત થયા છે.

તેમણે ગઝલના સૂરો રેલાવતાં પહેલાં ગઝલ વિષે વાત કરતાં કહ્યું કે, 'ગઝલ વિષે વાત કરવી હોય તો - લખવી હોય તો, પ્રેમ થવો સહજ હોવો જોઇએ અને પ્રેમથી કેવી તબાહી થાય એ સમજાવવા ગામ લોકો મારું ઘર બતાવે છે. પ્રિયતમ પ્રિયતમા વચ્ચેની ગુફતેગુ તે ગઝલ. ખુદ અને ખુદા વચ્ચેનું અંતર ઘડાડે તે ગઝલ! ગઝલકાર એક નાનકડો બ્રહ્મા છે. ગઝળ એટલે કાગળના વાસણ પણ કલાઇ કરવા જેવું કામ છે.'

આવો તેમણે રજૂ કરેલ ગઝલોના થોડાક શેરને માણીએ.

(૧) માફ કરજો વાદળો, પણ પ્રેમમાં આવું બને,
વરસાદ મારા પર પડે અને કોક ભીંજાતું હશે.

(૨) કાગળ હલાવ્યેથી ખરા શબ્દો મરે નહીં,
આ પ્રેમ છે પણ એ થરથરે નહીં!
લેવી હશે તો લેશે નોંધ,
આ પ્રેમ છે ઇતિહાસને કરગરે નહીં!

(૩) ઢાંક પિછેડો કયાં લગ કરશો, અંદર કયાં કઇ છાનું છે!
અડધું ગોકુળ મીરાં તારું, અડધું તે રાધાનું છે!

(૪) પ્રેમ પણ કેવો થયો છે સાવ વહેવાર,
એ હવે વાર-તહેવારે મળે છે.
રણ તને છાંટોય પાણી નહીં મળે,
કારણ કે આકાશમાં વાદળો બ્લેકમાં વેચાય છે!

(અનુસંધાન પાના નં. ૬ પર)

પાણી પાણી થઇ રહેલા ઉત્તર ભારતના રાજયોમાં આપણી આંખો પણ અશ્રુથી ભીંજાઇ જાય છે!

વગર વરસાદે ભીંજાયા! હળવાશની ક્ષણોમાં!

- ચિત્રસેન શાહ

ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, હિમાચલ પ્રદેશ, બિહાર વિ. રાજયોમાં આવતા ઝંઝાવાતી અનારાધાર વરસાદને ટીવીના પડદે જોઇ આપણે જાણે આખાને આખા ભીંજાઇ જઇએં છીએ! અરે રણપ્રદેશ જેવું રાજસ્થાન પણ જયારે પાણી પાણી થઇ રહ્યું છે ત્યારે આપણએ છીએ કોરાધાકોર! ચાતક નજરે આકાશ સામે મીટ માંડીને વરસ્યા વગરના વાદળની હલચલ અને હીલચાલને જોઇ રહ્યા છીએ! ટીંટોડીએ ઊંચી જગ્યા પર મૂકેલા ઇંડામાંથી પણ બચ્યાં કદાચ બહાર નહીં આવે! કદાચ એ બીકે કે - 'આપણા મા-બાપ ખોટા ઠરશે તો આપણું માથું શરમથી ઝૂકી જશે!'

(આ લખાય છે ૧૫મી જુલાઇ ત્યારની આવી સ્થિતિ છે! ન્યૂઝપેપર તમારા હાથમાં આવે ત્યારે સ્થિતિ બદલાયેલી પણ હોઇ શકે)

હા, તો આપણે ક્યાં હતાં?

પાણી પાણી થઇ રહેલા ઉત્તર ભારતના રાજયોમાં આપણી આંખો પણ અશ્રુથી ભીંજાઇ જાય છે! એક આંખમાં તે રાજયોની બેહાલી જોઇને આંસુ આવે છે અને બીજી આંખમાં આપણે ત્યાં વરસાદ ન આવવાને કારણે બેહાલી જોઇ આંસુ આવે છે!

આપણે શિવજી નથી નહીં તો ત્રીજા નેત્રમાંથી પણ અશ્રુ વહેવા માંડત (અશ્રુ નહીં પણ અગ્નિ!) અને તે હોત - રાજકીય ક્ષેત્રે આપણને કાયમ 'ઊંઠા' ભણાવનાર પાકિસ્તાન પ્રત્યેના રોષ દ્રવી અશ્રુ કે અગ્નિ! લગભગ દરરોજ અને દરેક વખતે પાકિસ્તાન આપણને 'ઊંઠા' ભણાવી જાય છે! કેમ જાણે આપણે ભલેલાં જ ન હોઇએં! આ વખતની જગ્યા રશિયાનું ઉફા શહેર! પરંતુ પાકિસ્તાનવાળા (તક્ષશીલા વિદ્યાપીઠ વાળા!) ભારતના ચાણક્યને 'ઊંઠા' ભણાવી જાય તે કેમ ચાલે!!

ઉફામાં પાકિસ્તાનના વડાપ્રધાને આપણા વડાપ્રધાનને કહ્યું કે - 'અમે 'વળતી ટપાલે જ (!)' મુંબઇ હુમલાના માસ્ટર માઇન્ડ લખવીનો વોઇસ સેમ્પલ મોકલી આપશું! જોજો જાગતા રહેજો - ઊંઘી જતાં નહીં, નહીંતર 'કુરીયર બોય' તો એ સેમ્પલ ઓટલા પર ફેંકીને જતો રહેશે! તમને તો તમારા કુરીયર ડીલીવરી બોયની કામગીરી અંગે ખ્યાલ હશે જ!

પરંતુ ત્યારબાદ પાકિસ્તાન પહોંચીને પાકિસ્તાનના વડાપ્રધાને રંગ બદલ્યો! કાચીંડા રંગ બદલવાની પ્રક્રિયામાં પાકિસ્તાન સામે જીતી શકે નહીં!

પાકિસ્તાનથી 'વોઇસ સેમ્પલ'ને બદલે જવાબ આવ્યો - 'પાકિસ્તાનના કાયદા પ્રમાણે વોઇસ સેમ્પલ આપી શકાય નહીં!'

લ્યો બોલો, આવી ગયાને હતા ત્યાં ને ત્યાં!

શક્તિ, સમય અને લોકોના ટેક્સના પૈસાની બદબાદી જ થઇને!

લખવીને તો આ જોઇ પાકિસ્તાનમાં બેઠાં બેઠાં હસવું આવતું હશે! હસવું આવે જ ને 'Post Blast' 'પોસ્ટ મોર્ટમ' જોઇને!

તેને તો આકાશ સામે જોયા વગર જ દેખાઇ જશે - 'ઇદ કા ચાંદ!' એ લખવીને તો હસવું આવતું જ હશે પરંતુ હવે એક એવા સમાચાર વાંચશો તો તમને પણ હસવું આવશે!

એ સમાચાર છે -

આ સાથેના ફોટોવાળા ૫૦ વર્ષીય લંડનવાસી બહેન ટેસ ક્રિશ્ચિનન છેલ્લા ચાલીસ વર્ષોથી કયારેક હસ્યા નથી! તેણીનું કહેવું છે કે તે ૧૦ વર્ષની હતી ત્યારે તે છેલ્લે હસી હતી! તેનું માનવું છે કે હસવાથી ચહેરા પર કરચલી પડી જાય છે અને તેનાથી ત્વચાની ચમક જતી રહે છે! (જો કે તેનો ફોટો જોતાં તો તેના મોઢા પર મોનાલીસા જેવું રહસ્યમય હાસ્ય દેખાય છે!)

ભલે એ બહેન જ માનતા હોય તે પરંતુ ખરેખર તો હાસ્યથી ખૂબસૂરતી નીખરે છે અને ચહેરો 'ચૌદવી કા ચાંદ' જેવો બની રહે છે!

થોડા સમય પછી કમ્મુબાના પુત્ર સંતોકને ચર્ચા માટે બોલાવવામાં આવે છે, તેના અનુસંધાનમાં પુત્ર સંતોક, પુત્રવધૂ શારદા તથા તેની દશ વર્ષની પુત્રી ચર્ચા માટે આવે છે

આખરે પૌત્રીની જીત થઇ!

- નિરંજન ઓઝા

૬૫ વર્ષના કમ્મુબા શેરીના ઓટલા પર છેલ્લા બે દિવસથી પડ્યા છે. શેરીના વડીલો કમ્મુબાને સવાર-સાંજ ચાહ-નાસ્તો તથા જમવાની વ્યવસ્થા કરી રહ્યા છે. પરંતુ ભાવનગર શહેરના નાગરપોળ પાસે આવેલ ભગા તળાવની નજીકમાં મણીયાર શેરીમાં રહેતા પુત્ર સંતોષ તથા તેની પત્ની શારદાને પેટનું પાણી હાલતું નથી. કમ્મુબાની આવી દયાજનક સ્થિતિ જોઇ, કેટલાંક વડીલો સંતોક તથા તેની ધર્મપત્ની શારદાને સમજાવવા આવે છે પરંતુ સંતોક બહુ જ દુઃખી અવાજે જણાવે છે કે મારી મા એ જે કષ્ટ વેઠી મને મોટો કર્યો છે તે હું જાણું છું ઘરમાં સાસુ-વહુના ઝઘડાથી પણ પરિચિત છું. પરંતુ બે દિવસ પહેલાં જે ઝઘડો થયો તેમાં મારી પત્ની શારદાએ મને અલ્ટીમેટમ આપ્યું કે હવે આ ઘરમાં તમારી માતાને રાખો કે મને રાખો? આ પરિસ્થિતિમાં હું ઘરમાં માતાને રાખવા લાચાર છું. મારાથી બીજું કંઇ પણ થઇ શકે તેમ નથી.

શેરીના રહીશોએ આ જવાબ સાંભળ્યા પછી પુત્રથી કશું થઇ શકે તેમ નથી. તેવું જાણ્યા પછી, શહેરના ટી.વી. ટાવર પાસે આવેલ વૃદ્ધાશ્રમના સંચાલકોનો સંપર્ક સાધી, કમ્મુબાની જાણ કરી. સંચાલકોએ આવી, કમ્મુબાની વૃદ્ધાશ્રમમાં વ્યવસ્થા કરી આપી. થોડા સમય પછી કમ્મુબાના પુત્ર સંતોકને ચર્ચા માટે બોલાવવામાં આવે છે. તેના અનુસંધાનમાં પુત્ર સંતોક, પુત્રવધૂ શારદા તથા તેની દશ વર્ષની પુત્રી ચર્ચા માટે આવે છે. સંચાલકો પુત્રને કમ્મુબા, મા હોવાથી તેમજ ઉંમર થઇ ગઇ હોવાથી,ઘરે લઇ જવા સમજાવે છે પરંતુ બંને પતિ-પત્ની અશક્તિ દર્શાવે છે, વધારામાં કમ્મુબાને વૃદ્ધાશ્રમમાં રાખવા જે કંઇ ખર્ચ થાય તે ભોગવવા તૈયારી દર્શાવે છે, આ વાતચીત સંચાલકો સાથે ચાલતી હતી તે દરમિયાન પૌત્રી, દાદીમાને મળવા જાય છે, ત્યાં દાદીમા તેને વાર્તા તેમજ ગીતો સંભળાવે છે જેનાથી પૌત્રી ઘણી જ ખુશ થાય છે.

વૃદ્ધાશ્રમની મુલાકાતને અંતે પુત્ર-પત્ની તેમજ પૌત્રી ઘરે પાછા ફરે છે. ઘરે આવ્યા પછી, આખી રાત પૌત્રી દાદીમાએ કહેલ વાર્તા તથા ગીતોનો વિચાર કર્યા કરે છે અને કોઇ પણ હિસાબે! દાદીબાને પાછા ઘરે લાવવાનું મનોમન નક્કી કરે છે. બીજે દિવસે સવારથી જ નહીં જમવાનો સત્યાગ્રહ શરુ થાય છે. મા-બાપ ખુબ જ સમજાવે છે. પરંતુ સાંજ સુધી સત્યાગ્રહ ચાલુ રહે છે.

આખરે પોતાની પુત્રીના સત્યાગ્રહ સામે મા-બાપ ઝુકી જાય છે. અને ત્રણે જણા દાદીબાને લેવા વૃદ્ધાશ્રમ પહોંચી જાય છે. સંચાલકોને પહેલાં તો નવાઇ લાગે છે કે હજુ ગઇકાલ સુધી નનૈયો ભણતાં પુત્ર-પત્ની પાછા કેમ આવ્યાં હશે? પરંતુ પુત્રીના સત્યાગ્રહ વિષે જાણ્યા પછી સંચાલકો જણાવે છે કે તમારી માને પાછા વૃદ્ધાશ્રમમાં મુકવા આવશો નહિ તે શરતે અમે કમ્મુબાને તમારે ત્યાં મોકલીએ છીએ. પુત્ર-પત્ની તેમજ પૌત્રી આ શરત મંજૂર રાખે છે. અને કમ્મુબા ઘરે પાછા ફરે છે. સંચાલકો વિચારે છે કે અમે કાંઇ જે કાર્ય કરી શક્યા નહિ તો પૌત્રીએ કર્યું તે બદલ આશ્ચર્ય થાય છે.

હાલમાં કમ્મુબા પરિવાર સાથે આનંદ અને ઉલ્લાસભેર શેષ જીવન વ્યતીત કરી રહ્યાં છે.

'મમ્મી, મમ્મી જો જો રાજા તો ... !!!'

અદલ પલાંઠી મોં પર આંગળી

- ડૉ. સંતોષ દેવકર

દુનિયા બુરી ઇસલીયે
નહિ કી
યહાં બુરે લોગ જયાદા હૈ,
બલ્કી
ઇસલીયે બુરી હૈ કી
યહાં અચ્છે લોગ ખામોશ હૈ

કોઈ એક વ્યક્તિ યા વ્યક્તિઓની પ્રશંસા કેટલી હદે કરી શકાય? તેવો એક પ્રશ્ન મનમાં ઉદભવે છે. કોઈની સ્તુતિ કરવાની, સ્તુતિ ગાવાની કોઈ સીમા ખરી? કોઈ જીવંત વ્યક્તિની પ્રશંસા કેટલી હદે થઈ શકે? હમણાં હમણાંથી તમે કોઈ સમાચાર પત્ર વાંચો કે ટીવીમાં કોઈ ન્યુઝ જુઓ તો માત્ર પ્રશંસા સિવાય કંઈ દેખાશે નહી. પ્રશંસા ક્યારે કરવી? કેટલી કરવી? કેટલી હદ સુધી કરવી? પ્રશંસા કરતી વખતે આંખકાન ખુલ્લા રાખવા કે બંધ રાખવા?

પ્રશંસા હૃદયથી થાય તે જરૂરી છે. પ્રશ્ન એ છે કે પ્રશ્ન એ છે કે પ્રશંસા થઈ જાય કે કરવી પડે? પ્રશંસા કરવી પડે ત્યારે ફરજિયાતપણાનો ભાવ ભો થાય છે. ફરજીયાત પણે કરવી પડતી પ્રશંસાને ખુશામત કહી શકાય? ભારત દેશનો એક આખો વર્ગ ખુશામતના કાર્યમાં લાગી ગયો છે. કહેવાય છે કે ખુશામત તો ખુદાને પણ પ્યારી છે. ખુશામત કરવી એ જ જાણે મુખ્ય કાર્ય અને બાકીના બધા ગૌણ હોય તેવી લાગણી થયા વગર રહેતી નથી. ભારત દેશમાં એક એવો વર્ગ છે જે અનુભવે છે પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરી શકતો નથી. તેને વિરોધ પક્ષમાં બેસવું નથી ગમતું અને શાસક પક્ષસાથે સંપૂર્ણ સંમત પણ નથી થતો.

આખા દેશમાં ખુશામતની લહેર ચાલતી નજરે પડે છે. સાહેબ, ઊંઘીં જાય તો ઊંઘ તો સાહેબની જ. સાહેબ બગાસુ ખાય તો ય બગાસું એટલે બગાસું. સાહેબ વહેલા ઉઠે તોય ખુશામત, મોડેસુધી ઘેં તોય ખુશામત. યોગા કરે તોય ખુશામત, માઈકમાં બોલે તોય ખુશામત અને મૌન રહે તોય ખુશામત. ટૂંકમાં સાહેબ જે કંઈ કરે તે બધુ જ ખુશામત.

એક મજજાની વાર્તા સાંભળોઃ એક રાજા હતો. તેના દરબારમાં સાળવી (કાપડ તૈયાર કરનાર) આવ્યાં. તેઓએ કહ્યુ કે, મહારાજ માટે સુંદર પોષાક તૈયાર કરવો છે. મંજૂરી મળી ગઈ. કામકાજ શરુ થઈ ગયુ. થોડા વખત પસારા થયો. રાજાએ બે સિપાહીઓને તપાસ માટે મોકલ્યા. પોષાક બનાવવાનું કામકાજ કેટલે આવ્યુ? અને હજી કેટલો સમય લાગે તેમ છે? સિપાહીઓ પહોંચ્યા સાળવીને ત્યાં. જોયુ તો સાળવીઓ કઈ કામકાજ કરી રહ્યા ન હતા પણ વાત કરતા હતા કે હજી બનાવવામાં ચારેક મહીના નીકળી જશે. સિપાહીઓએ કહ્યુ કે ભાઈ, તમે હજી સુધી કાંઈ જ કામ કર્યુ દેખાતુ નથી. તો બાકીની તો વાત જ ક્યાં આવી? સાળવીએ કહ્યું, ભાઈ, આ કાપડ તમને દેખાતુ નથી?

ખરેખર ત્યાં કાપડ હતુ જ નહિ. સિપાહીઓએ ના પાડી. સાળવીએ ખુલાસો કર્યો કે જેના મનમાં પાપ હોય તેને આ કાપડ દેખાશે નહિ. આ વાતા સાંભળતાની સાથે જ સિપાહીએ ફેરવી તોળ્યુ કે, મને તો આ કાપડ દેખાય છે. ઘણુ સુંદર છે. બીજા સિપાહીએ કહ્યુ કે, હુ તો પહેલેથી જ કહેતો હતો કે આ કાપડનો પોષાક પહેરીને રાજા તો ખુબ સુંદર લાગશે. ચાર મહીના વીત્યા બાદ રાજાએ સાળવીઓને પોષાક લઈને દરબારમાં બોલાવ્યાં. રાજએ જોયું કે સાળવીઓ ખાલી હાથે આવ્યા હતા. સમગ્ર દરબારીઓની પણ આજ સ્થિતિ હતી. તેમને પણ પોષાક જેવુ કાંઈ દેખાતુ નહોતુ. સાચુ જાણવા છતાં બોલવાની હિંમત કોઈના મા નહોતી.

સાળવીઓએ હકડેઠઠ મેદની વચ્ચે દરબારમા ખુલાસો કર્યો અને કહ્યુ, મહારાજ, આ પોષાક તેને જ દેખાશે જેના મનમા પાપ નહિ હોય!!! એટલે કે જેના મનમા સ હે જ પણ પાપ હશે, કે કુવિચાર હશે, તેને પોશાક દેખાશે નહી. અને સૌના આશ્ચર્ય વચ્ચે જે દરબારીઓને પોશાક નહોતો દેખાતો તે બધાને પોશક નજરે પડ્યો. દરબારીઓ રાજાના પોશાકના વખાણ કરવા લાગ્યા. અને કહેવા માંડ્યા કે આવો સુંદર પોશાક આજ દિન સ